**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૧ ટકા

# સૂર્યદેવનો આદ્રા નક્ષત્રમાં પ્રવેશ


## જીવદયાના પાલનહાર જૈનો કેરી, જાંબુ જેવા ફળોનો ત્યાગ કરશે : આદ્રા પછી કેરી આરોગવાનું ચાલુ રાખવામાં આવે તો પેટ-વાયુના રોગો થવાની સંભાવના રહેલી છે

ગાંધીનગર, તા.૨૨

સામાન્ય રીતે જૂન મહિનામાં સૂર્યદેવ આદ્રા નક્ષત્રમાં પ્રવેશ કરે તે સમયે વરસાદનો વરતારો કરવામાં આવે છે. હાલ નક્ષત્ર, વાહનને જોતાં મધ્યમ વરસાદ સાથે સિઝનની શરૂઆત થશે. એવો મત જયોતિષી આપી રહ્યા છે. બીજી બાજુ જૈન સમુદાયમાં આદ્રા નક્ષત્ર આરંભ સાથે જોડાયેલી પરંપરાને આધીન કેરી, જાંબુ ઈત્યાદિ ફળોનો ત્યાગ કરવામાં આવશે.'સવ્વે જીવાવિ ઈચ્છંતિ જીવવું' સૂત્રને આધીન ચાલતી પરંપરા પ્રમાણે હવે જૈન સમુદાયના લોકો કેરી જેવા ફળ આરોગશે નહી. આદ્રા બેઠાં પછી કેરીના સ્વાદમાં ફેર પડી જાય છે. ગુરુવારે આદ્રા નક્ષત્ર શરૂ થવાની સાથે જ કેરી, જાંબુ જેવા અમુક ફળોમાં વર્ષાકાળ-ચોમાસાના વાતાવરણની અસરને કારણે જીવોની ઉત્પત્તિ થાય છે. જૈનાગમ શ્રી દશ વૈકાલિક સૂત્રમાં આગમકાર ભગવંતોએ ફરમાવ્યું છે કે, સવ્વે જીવાવિ ઈચ્છંતિ જીવવું અર્થાત જગતના દરેક જીવોને જીવવું ગમે છે. મરવું કોઈને ગમતું નથી. જૈનો તો જીવદયાના પાલનહાર છે. વળી, જૈન આગમ શ્રી ચંદ્ર-સૂર્ય પ્રશષપ્તિ સૂત્ર આદિ જૈન શાષાોમાં અભિજિત સ?વાતિથી લઈને ઉત્તરાષાઢા વિવિધ પ્રકારના નક્ષત્રનો ઉલ્લેખ આવે છે. તેમાં આદ્રા પણ એક નક્ષત્ર છે. આદ્રા બેસતા આમ્રફળ, જાંબુ આદી ફળોના સ્વાદ પણ બદલાઈ જાય છે. આદ્રા પછી કેરી આરોગવાનું ચાલુ રાખવામાં આવે તો પેટ-વાયુના રોગો થવાની સંભાવના રહેલી છે. જૈનો તો ઠીક, પરંતુ અમુક જૈનેત્તરો પણ આદ્રા પછી કેરી આરોગતા નથી. જીવદયાના લક્ષે વર્ષોથી ચાલતી પરંપરા પ્રમાણે કેરી ત્યાગ કરી જીવદયાનું જતન કરાશે.

ગુરુવારે સૂર્યદેવ એ આદ્રા નક્ષત્રમાં પ્રવેશ કર્યો. તે વેળાએ કર્કના ચંદ્રમાં આશ્લેષા નક્ષત્રમાં, હર્ષણયોગ, બવકરણમાં હતો. આ સમયે વાહન ઘેટું છે. વિવિધ સંયોગને જોતાં આદ્રા નક્ષત્રમાં ભ્રમણ વેળાએ મધ?યમ વરસાદનો પ્રારંભ થવાની શક્યતા છે. ૨૦ જુલાઈએ પુષ્ય નક્ષત્રમાં પ્રવેશ બાદ સારા વરસાદની શરૂઆત થશે. નિયમાનુસાર વાતાવરણમાં ખૂબ ભીનાશ અને આદ્રાંતા ઉત્પન્ન કરનારુ હોવાથી સવિશેષ કરીને કેરીના ફળમાં વિક્રય પેદા કરે છે. કેરી સિવાય પણ શાકભાજીમાં પણ આ વિક્રયતા ઉત્પન્ન થતી હોય છે. આ ખાવાથી પણ આપણા આરોગ્યને હાનિ પહોંચે છે. કેમ કે, કેરીમાં જીવ ઉત્પતિ ચાલુ થઈ જતી હોય છે.

માટે મહાવીર સ્વામીએ જીવોની રક્ષા અને આરોગ્યને લઈને કેરીનો નિષેધ કર્યો છે. દરેક જૈન લોકો આદ્રા નક્ષત્ર પછી કેરીનો ત્યાગ કરે છે. જૈન ધર્મના અનુયાયીઓનું માનવું છે કે આદ્રા નક્ષત્ર પછી પણ કેરી ખાવાનું ચાલુ રાખવામાં આવે તો પેટમાં વાયુના રોગો થવાની સંભાવના રહેલી છે.આ સાથે કેરીમાં સૂક્ષ્મ જીવાત આવે છે. તેથી જીવદયાની બાબતને ધ્યાનમાં રાખીને જૈન સમાજ કેરી ખાવાનું બંધ કરી દે છે.




## સાબરમતી યુનિવર્સીટી ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૨૨

સાબરમતી યુનિવર્સિટી ખાતે ૨૧ જૂન એટલે કે વિશ્વ યોગ દિવસે ખાસ યુનિવર્સિટીના પ્રાંગણમાં યોગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તેમજ વિવિધ વિદ્યાશાખાઓના ફેકલ્ટી દ્વારા યોગ કરીને યોગનું જીવનમાં મહત્વ સમજાવ્યું હતું. આ સાથે જ સદાય નિરોગી રહી શકાય તે દિશામાં આવનારા દિવસોમાં યોગને બને તેટલું મહત્વ આપવાનો પણ નિર્ધાર વ્યક્ત કર્યો હતો. સાબરમતી યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. જ્યોતિ શ્રીવાસ્તવ તેમજ ડીન-એકેડેમીક્સ ડૉ.પરશુરામ ધાકડે યોગની શરૂઆત કરાવી હતી. તો બીજી તરફ યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. શ્વેતા પટેલ અને ગણિત વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ધરા પટેલ દ્વારા યોગના વિવિધ આસનોની માહિતી આપવામાં આવી હતી તેમજ ઉપસ્થિત સભ્યોને સૂર્યનમસ્કાર, આસનો પણ કરાવવામાં આવ્યા હતા.

## સે-૨૩ કોલેજ કેમ્પસમાં એનએસએસ વિભાગ દ્વારા યોગ દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજ, બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન, બી.પી.કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીસ, એસ.વી.ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર સ્ટડીસના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે યોગ તાલીમ શિબિરનું આયોજન કરી યોગ દિવસની ઉજવણી. માટે વિદ્યાર્થીઓને તૈયાર કર્યા હતા. બીબીએ કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ,બી.કોમ કોલેજના આચાર્યા ડૉ.વિજ્ઞાઓઝા અને બીસીએ કોલેજના આચાર્ય ડૉ.રૂપેશ વ્યાસનું માર્ગદર્શન આયોજન બાબતે સાંપડ્યું હતું.

યુનિવર્સિટીના એનએસએસ વિભાગના કોઓર્ડિનેટર ડો. રણછોડભાઈ રથવીએ વિદ્યાર્થીઓને ઉપયોગી આસનો માટે માર્ગદર્શન આપ્યું હતું. ૧૮૫ જેટલા વિદ્યાર્થીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ત્રીજી ‘સામૂહિક સીમંતોનયન સંસ્કાર યજ્ઞવિધિ’ યોજાઈ



ગાંધીનગર, તા.૨૨

આજ રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ત્રીજા સામૂહિક સીમંતોનયન સંસ્કાર કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિમાં સોળ સંસ્કરોનું અનેરું મહત્ત્વ છે, જેમાં ત્રીજું સ્થાન સીમંતોનયન સંસ્કાર ધરાવે છે. આ કાર્યક્રમમાં કુલ ૨૪ યુગલોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી ડૉ. હર્ષદ પટેલની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. માન. કુલપતિશ્રીએ સગર્ભા માતાઓની નિષ્ઠા અને માતૃત્વ પ્રત્યેની પ્રતિબદ્ધતાને બિરદાવી માતાઓને તપોવન ગર્ભ સંસ્કાર કેન્દ્રનું પ્રમાણપત્ર આપીને સન્માનિત કર્યા હતા. તદુપરાંત, તેઓએ દરેક માતાને તેમની આગામી જીવનયાત્રા માટે સ્મૃતિચિહ્ન તરીકે રજત મુદ્રા ભેટમાં આપી હતી.

વધુમાં મા.કુલપતિશ્રીએ તમામ માતાઓને તેમનું ભાવિ સંતાન રાષ્ટ્રોન્નતિનું કારક બને તેવી શુભકામના પાઠવી હતી. પોતાના પ્રેરક ઉદ્બોધનમાં માનનીય કુલપતિશ્રીએ સમગ્ર કાર્યક્રમનાં સફળ સંચાલન માટે તપોવન વિભાગના અધ્યક્ષ ડૉ. ભૈરવી દિક્ષિત તેમજ વિસ્તરણ કેન્દ્રના નિયામકશ્રી ડૉ. રૂપમ ઉપાધ્યાય સહિતની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં યુનિવર્સિટીના શિક્ષક શ્રી જયદેવ ધાંધિયા દ્વારા યજ્ઞવિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ સમારોહમાં સગર્ભા માતાઓ અને પરિવાર સહિત ૧૦૦થી પણ વધારે લોકોએ ભાગ લીધો હતો.

## સમર્પણ કેમ્પસ ખાતે ‘વિશ્વ યોગ દિવસ’ની ઉજવણી



પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના નેજા હેઠળ કાર્યરત સમર્પણ એજ્યુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસ સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે ડિકેથલોનના સહયોગથી ‘વિશ્વ-યોગ-દિવસ’ની ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પસ ખાતે કાર્યરત સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજ, સમર્પણ લો કૉલેજ તેમજ સમર્પણ પબ્લિક સ્કૂલના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સહભાગી થયાં હતાં.

## આર.સી. સ્કૂલમાં યોગ દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત અને ગાંધીનગર સ્થિત શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલમાં શાળાના વિશાળ મેદાનમાં ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોગ કરાવવામાં આવ્યા હતા. આ દિવસે શાળાના આચાર્ય ડૉ. વી.એમ. પટેલે યોગનું મહત્વ સમજાવ્યું હતું અને શરીરને સ્વસ્થ રાખવા માટે યોગ એ જરૂરી છે તેમ પણ વિશેષમાં સમજાવ્યુ હતુ.



પેથાપુર ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## યૌવના ગ્રુપ તરફથી ફતેપુરા ગામની શાળાના વિદ્યાર્થીઓને બિસ્કીટનું વિતરણ



ગાંધીનગર, તા.૨૨

યૌવના ગ્રુપ, ગાંધીનગર તરફથી ફતેપુરા ગામની શાળાના વિદ્યાર્થીઓને અંડર ગારમેન્ટ્સ અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભારત વિકાસ પરિષદના સહકારથી આ કાર્યક્રમ ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં યૌવના ગ્રુપના મેમ્બર્સ ઉષાબેન ગજ્જર, વૈદેહીબેન તાટુ, હેમાબેન પંડિત, શિલ્પાબેન ભટ્ટ સહિત અનેક કારોબારી સભ્યો હાજર રહ્યા હતા. હેમાબેન એ બાળકોને હાઈજેનિક ખોરાકની માહિતી, સ્વચ્છતા અને પર્યાવરણનું માનવજીવનમાં મહત્વની સમજ આપી હતી. યૌવના ગ્રુપના કાર્યશીલ સભ્યોને કારણે આ કાર્યક્રમ સફળ રહ્યો હતો. કાર્યક્રમ પૂર્ણ થતા બાળકોના ચહેરા પર ખુશી અને આનંદ જોવા મળતા હતા.

## ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજમાં યોગ દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા.૨૨

૯મા આંતરરાષ્ટ્રીય યોગદિન નિમિત્તે “એક પૃથ્વી એક સ્વાસ્થ્ય “ વિભાવનાઅંતર્ગતઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમેર્સ મહિલા કૉલેજ,ગાંધીનગર ખાતે યોગદિન ની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ.હરિત પટેલ ના માર્ગદર્શનમાં યોગ માર્ગદર્શક તરીકે ડૉ.પ્રણવ જોશીપુરા અને પ્રા.પાયલબેન પંડ્યા એ વિદ્યાર્થીઓને યોગના વિવિધ આસનો કરાવ્યા હતા. તેમજ સારા સ્વાસ્થ્ય માટે યોગનુંમહત્વ સમજાવ્યું હતું.આ કાર્યક્રમમાં એનએસએસ, એનસીસી અને સ્પોર્ટ્સ યુનિટના ઈન્ચાર્જ અનુક્રમે ડૉ.મુકેશ ગોર, ડૉ.શ્રુતિ સુથાર તથા પ્રોફે.હરેશ પટેલનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ કાર્યક્રમ કોલેજના પ્રાંગણમાં રાખવામાં આવ્યો હતો.જેમાં અધ્યાપકો તથા અન્ય કર્મચારીઓ-૩૦ તેમજ ૨૦૦ વિદ્યાર્થીનીઓ મળી કુલ ૨૩૦ લોકોએ ભાગ લીધો હતો.




સેક્ટર ૩ સાંઈબાબા મંદિર પાસેના ગાર્ડનમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.




ભારત વિકાસ પરિષદ ગાંધીનગર શાખા દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલા મિશન "LIFE (Lifestyle for Environment)" ના ભાગરૂપે જીસીપીસી ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટર દ્વારા પરિવારના સભ્યો માટે એક પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ઉર્જા બચત,પાણી બચત, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવો, ખોરાકનો બગાડ ન કરવો, ઈ-વેસ્ટ નિકાલ, સ્વસ્થ જીવનશૈલી વગેરે જેવા વિવિધ વિષય ઉપર સમજણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જી.સી.પી.સી સંસ્થામાંથી ડૉ.ભરતભાઈ જૈન, ડૉ. ખુશ્બુબેન ભાવસાર તથા પ્રિયંકાબેન જોશી દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પરિવારના સભ્યો જોડાયા હતા.

## જન્મદિને વધામણી



કુમાર સ્વામી
મો. ૮૯૮૦૮ ૪૬૧૬૭



અસફાક



રહીમ મન્સુરી



રેખાબેન કામાણી



આદમ નવાબ



પ્રવીણકુમાર એસ પટેલ
મો. ૯૮૨૪૩ ૨૩૩૬૧



આર ડી ગાંધી
મો. ૯૯૨૪૧ ૨૩૧૬૪



કાળીદાસ જી નાયી
મો. ૯૧૦૪૩ ૪૫૨૬૦



વિરાજસિંહ જયદીપસિંહ બિહોલા



તન્વીર મુલતાની



શ્રેય વિમલભાઈ પટેલ
મો. ૭૮૭૪૮ ૦૮૮૩૫